# સ્ટેડિયમ અને રોડ-શોમાં જિલ્લાના ૨૫ હજાર જોડાશે

**જી.પી.એસ. સિસ્ટમથી બસોનું મોનીટરીંગ થશે : જિલ્લાકક્ષાએ અને રાજ્યકક્ષાએ ખાસ કંટ્રોલ રૂમ બનાવાશે : મોટેરા સ્ટેડિયમમાં ૩૦ બેડની ઈમરજન્સી હોસ્પિટલ ઉભી કરાશે : દરેક પાર્કિંગ પ્લોટમાં હોસ્ટ ટીમ સાથે મેડીકલ ટીમ પણ તૈનાત રહેશે**

ગાંધીનગર, તા. ૧૯

આગામી ૨૪મીએ અમદાવાદ ખાતે આવી રહેલ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ માટે યોજાયેલ કાર્યક્રમ ''નમસ્તે ટ્રમ્પ''માં જિલ્લાના ૨૫ હજારથી વધુ લોકો જોડાશે.




મળતી વિગતો પ્રમાણે તંત્ર દ્વારા આ અંગેના આયોજનને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. વડાપ્રધાન મોદી અને ટ્રમ્પના રોડ શો માં જિલ્લાના ૧૦ હજાર જેટલા લોકો ભાગ લેશે જ્યારે ''નમસ્તે ટ્રમ્પ'' કાર્યક્રમ જે મોટેરા સ્ટેડિયમ ખાતે યોજવામાં આવ્યો છે તેમાં ૧૫ હજાર જેટલા લોકો ભાગ લેશે.

જિલ્લાતંત્રને આ માટે ૨૫૦ જેટલી એસ.ટી. બસો ફાળવવામાં આવશે. આ કાર્યક્રમમાં ગાંધીનગર ઉપરાંત મહેસાણા, અરવલ્લી, સાબરકાંઠામાંથી પણ લોકો ભાગ લેવા આવવાના છે.

જિલ્લામાં આ કાર્યક્રમમાં ભાગ લેનાર વ્યક્તીઓનો હાઉસ ટુ હાઉસ સર્વે કરવામાં આવી રહ્યો છે તેમજ મોબાઈલ નંબર સાથે લીસ્ટ તૈયાર કરવામાં આવી રહ્યું છે.

આ કાર્યક્રમ માટે થઈ ૨૩ જેટલા પાર્કિંગ પ્લેસ પણ નિયત કરવામાં આવ્યા છે. દરેક પાર્કિંગ પ્લેસ પર એક મેડીકલ ટીમ તેમજ હોસ્ટ

● અનુસંધાન પાન-૭ પર

# કોંગ્રેસમાં ફરી રાજકીય ભૂકંપના એંધાણ

**કોંગ્રેસમાંથી ઓછામાં ઓછા ૧૨ ધારાસભ્યો ખેરવવાની ભાજપની યોજના : કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સક્રિય**

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાતમાં ફરીથી નબળી પડેલી કોંગ્રેસને ભાજપના નેતાઓની નજર લાગી છે. કોંગ્રેસમાંથી ઓછામાં ઓછા ૧૨ ધારાસભ્યો ખેરવવાની ભાજપની યોજના છે જેને સાકાર કરવા માટે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ગુજરાતની ત્રણ દિવસની મુલાકાતે આવી રહ્યાં છે. પાર્ટીના એક સદસ્યએ કહ્યું હતું કે કોંગ્રેસના નેતાઓની તાકાત હોય તો તેમના ધારાસભ્યોને ભાજપમાં જતાં બચાવી લે, અન્યથા તેઓ કેસરિયો ધારણ કરવા જઈ રહ્યાં છે.

જમ્મુ-કાશ્મિરમાં કલમ ૩૭૦ હટાવ્યા પછી કેન્દ્રની મોદી સરકારના પગલાંને કોંગ્રેસના આગેવાનો આવકારી રહ્યાં છે તે જોતાં ગુજરાતમાં ફરી એકવાર કોંગ્રેસના ધારાસભ્યોની નજર ભાજપ તરફ સરકી છે. વિપક્ષના કેટલાક ધારાસભ્યો કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાય તેવા સંકેત મળ્યા છે. રાજ્યમાં ૨૬મી માર્ચે રાજ્યસભાની ખાલી પડનારી ચાર બેઠકોની ચૂંટણી થવાની છે ત્યારે તે પહેલાં ગુજરાત કોંગ્રેસમાં ભૂકંપ આવે તો નવાઈ પામવા જેવું નથી.

કોંગ્રેસના ધારાસભ્યો ભાજપમાં જોડાય તેવી સંભાવના એટલા માટે પ્રબળ બની છે કે અબડાસા કોંગ્રેસના ધારાસભ્ય પ્રધ્યુમનસિંહ જાડેજાએ તાજેતરમાં એક સરકારી કાર્યક્રમમાં હાજરી આપી હતી. બીજી તરફ સચિવાલયમાં કોંગ્રેસમાંથી આવેલા ત્રણ મંત્રીઓને પાર્ટીએ જવાબદારી આપી છે. કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયા. જવાહર ચાવડા, ધર્મેન્દ્રસિંહ જાડેજા તેમજ જીઆઈડીસીના ચેરમેન બલવંતસિંહ રાજપૂતને ભાજપના હાઈકમાન્ડે જવાબદારી સોંપી હોવાનું જાણવા મળ્યું છે.

રાજ્યસભાની ચૂંટણી પહેલાં ગુજરાત કોંગ્રેસમાં રાજકીય ભૂકંપ સર્જાય તેવી સંભાવના છે. કોંગ્રેસનું હાઈકમાન્ડ તેના રાષ્ટ્રીય અધ્યક્ષ તેમજ રાજ્યોના સંગઠનમાં ફેરફાર કરી શકતું નથી તેથી અકળાયેલા કોંગ્રેસના આઠથી દસ ધારાસભ્યો રાજીનામું આપીને ભાજપમાં જોડાઈ જાય તેવી અટકળો સચિવાલયમાં વહેતી થઈ છે.

કોંગ્રેસના ધારાસભ્યોના ભાજપ તરફ વધતી જતા કદમ પ્રદેશ કોંગ્રેસમાં મુશ્કેલી ઉભી કરી શકે છે. કોંગ્રેસના એક ડઝન ધારાસભ્યો એવા છે કે તેઓ પાર્ટી છોડીને ભાજપમાં જોડાઈ શકે છે. આ ધારાસભ્યો એવું માને છે કે અમને મંત્રી નહીં બનાવે તો કંઈ નહીં પરંતુ ભાજપના સિમ્બોલ

● અનુસંધાન પાન-૭ પર

# તાલુકાના દસ ગામોને ભેળવવા તાકીદે ગ્રામસભા યોજવા સૂચના

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર મહાનગર પાલિકામાં ગાંધીનગર તાલુકાના દસ ગામોને ભેળવવા માટે તાકીદે ગ્રામસભાઓ યોજી અને તે અંગેના પ્રસ્તાવ સાથેની વિગતો ભરી મોકલી આપવા તાલુકા પંચાયત દ્વારા આ ગામોના તલાટીઓને સૂચનાઓ જારી કરવામાં આવી છે.

મહાનગરપાલિકાની હદમાં જે ગામોને ભેળવવાની કવાયત હાથ ધરવામાં આવી છે તેમાં કુડાસણ, રાયસણ, રાંદેસણ, સરગાસણ, કોબા, વાસણા, હડમતિયા, વાવોલ, કોલવડા, પોર અને અંબાપુર ગ્રામ પંચાયતનો સમાવેશ થાય છે.

ગાંધીનગર મનપાની હદ વધારવા અને ૧૭ ગામોને સમાવવા માટેનો પ્રસ્તાવ કરાયા બાદ હાલ સરકાર દ્વારા માત્ર ૧૦ ગામોને ભેળવવાની કવાયત હાથ ધરવામાં આવી છે.

તાલુકા પંચાયતને આ વિગતો મળી ગયા બાદ આવતા મહિને તાલુકા પંચાયતની બેઠકમાં આ અંગેનો પ્રસ્તાવ રજુ કરાશે તે પછી જિલ્લા પંચાયતની બેઠકમાં પણ આવો જ પ્રસ્તાવ રજુ થશે. આ પછી જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા પોતાના અભિપ્રાય સાથે અહેવાલ વિકાસ કમિશ્નરને મોકલી આપશે.

જિલ્લાના રાજકારણમાં આ મુદ્દે ગરમાયેલો જોવા રહ્યો છે. આ મુદ્દે કેટલાક ગામના આગેવાનો કોર્ટમાં જવાની તૈયારીઓ પણ શરૂ કરી દેવામાં આવી છે.

બીજી તરફ મનપા દ્વારા પણ આ ગ્રામ્ય વિસ્તારો માટે ટેક્ષહોલીડેની દરખાસ્તને આખરી ઓપ આપી દેવાયો છે. આ હવે પછી મળનારી સામાન્ય સભામાં મંજૂરી માટે રજુ કરવામાં આવે તેવી શક્યતાઓ છે.

સરકાર દ્વારા પણ આ મુદ્દે કવાયતો સંદર્ભે રાજકીય સમીક્ષાઓ સતત કરવામાં આવી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યુ છે. આ નિર્ણય વહીવટીય નિર્ણય કરતાં રાજકીય વધુ લક્ષામાં લેવામાં આવી રહ્યાની વાતોએ પણ ગ્રામીણ વિસ્તારમાં ચર્ચાઓ જાગી છે.



દિવસેને દિવસે ગાંધીનગર શહેરનો વિસ્તાર વધતો જાય છે. હવે તો ત્રીસ સેકટરના સીમાડાઓ વટાવી શહેર છેક અમદાવાદ સુધી વિસ્તરી ચુકયુ છે. જો કે એકથી ત્રીસ સેકટરમાં વહેંચાયેલું મૂળ ગાંધીનગર હજુ તેનું અસલ સ્વરૂપ જાળવી શકયું છે. આડેધડ વિકાસની પરવાનગી અહીં મળતી ન હોવાથી શહેરમાં હજુ વૃક્ષોનું સૌંદર્ય જળવાયું છે. વસંતઋતુ બેસતા જ આ વૃક્ષોની આભા ખીલી છે. નવા પર્ણો ઉગતા વૃક્ષો કંઈક અલગ જ દેખાઈ રહ્યા છે. પ્રકૃતિનો અદભૂત નજારો અહીં કેદ થયો છે.

# શાહપુર ગામે ચિલ્ડ્રન યુનિવર્સિટીને ૩૦ એકર જમીન નિઃશુલ્ક ફાળવાઈ

**આ યુનિવર્સિટીમાં બાળ શિક્ષણ, વાલી પ્ર.શિક્ષણ, સગર્ભા માતાઓના પ્ર.શિક્ષણ સહિત વિવિધ આનુષાંગિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવાશે**

ગાંધીનગર, તા. ૧૯

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે રાજ્યમાં બાળ શિક્ષણનો વ્યાપ વધે તથા બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે હેતુસર રાજ્ય સરકારે અનેકવિધ નવતર આયામો હાથ ધર્યા છે. ગાંધીનગર જિલ્લાના શાહપુર ખાતે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી માટે ૩૦ એકર જમીન વિનામૂલ્યે ફાળવવાનો રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે.

આજે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી રાજ્યમંત્રીમંડળની બેઠકમાં લેવાયેલ આ મહત્વના નિર્ણયની વિસ્તૃત વિગતો આપતાં નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, સેક્ટર-૨૦, ગાંધીનગર ખાતે કાર્યરત ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના નવિન ભવન માટે રાજ્ય સરકાર સમક્ષ જમીનની માંગણી કરાઈ હતી. જેને ધ્યાને રાખીને શાહપુર ખાતે આ ૩૦ એકર જમીન વિનામૂલ્યે ફાળવવામાં આવશે.

નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યુ હતુ કે શાહપુર ખાતે નિર્માણ થનાર



આ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં બાળ શિક્ષણ, વાલી પ્ર.શિક્ષણ, સગર્ભા માતાઓનું પ્ર.શિક્ષણ કરાશે જેનાથી તેજસ્વી બાળકો જન્મે તથા બાળકોના સર્વાંગી વિકાસલક્ષી અનેક આનુષાંગિક સુવિધાઓનું નિર્માણ કરાશે.

હાલ આ યુનિવર્સિટી રાજ્ય સરકાર સંચાલિત યુનિવર્સિટી છે જેમાં રાજ્ય સરકાર દ્વારા હાલ પગાર ભથ્થા તથા અન્ય બાલ ઉછેરલક્ષી શિક્ષણ માટે ૧૦૦ ટકા ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. ગત ૨૦૧૯-૨૦ના વર્ષમાં રૂ.૫.૩૩ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. આ યુનિવર્સિટીના નિર્માણના બાંધકામનો તમામ ખર્ચ રાજ્ય સરકાર કરશે.

# બોર્ડની રીસીપ્ટ હવે શાળા મારફતે પરીક્ષાર્થીઓને આપવામાં આવશે

**વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહની હોલ ટીકીટની પ્રિન્ટ પણ શાળા કક્ષાએથી પ્રિન્ટ કાઢી ફોટા અને સહી સિક્કા સાથે પરીક્ષાર્થીઓને આપવાની રહેશે**

ગાંધીનગર તા ૧૯

બોર્ડની પરીક્ષા હવે નજીકમાં છે. આગામી તા ૫ માર્ચથી બોર્ડની પરીક્ષા શરૂ થવાની છે. ત્યારે વિદ્યાર્થીઓ અને શિક્ષણતંત્ર પરીક્ષાલક્ષી તૈયારી અને આયોજનમાં વ્યસ્ત છે. જયારે બોર્ડ દ્વારા પ્રથમવાર પરીક્ષાર્થીઓની હોલ ટીકીટ શાળા મારફતે આપવામાં આવશે. વિદ્યાર્થીઓને પ્રિન્ટ કઢાવી ફોટો ચિપકાવી સહી સિકકા સાથે હોલ ટીકીટ આપવા માટે શાળાકક્ષાએ કામગીરી કરાશે. બોર્ડે વિદ્યાર્થીઓના પ્રવેશપત્ર ઓનલાઈન શાળાઓને સુપ્રત કરી દીધા છે.

આગામી તા ૫ માર્ચથી ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાનો પ્રારંભ થશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનારી આ પરીક્ષાને અનુલક્ષી હાલ વિદ્યાર્થીઓ આખરી તબક્કાની તૈયારીમાં ગળાડુબ બન્યા છે.જયારે શૈક્ષણિક વર્તુળમાં પણ પરીક્ષાલક્ષી તૈયારીનો ધમધમાટ છે. શાળા કક્ષાએ તેમજ જિલ્લા શિક્ષણ તંત્ર પણ પરીક્ષાલક્ષી આયોજનમાં વ્યસ્ત છે. જયારે આ વર્ષે બોર્ડ દ્વારા પણ પ્રથમવાર વિદ્યાર્થીઓના પ્રવેશપત્ર અલબત્ત હોલ ટીકીટ પ્રથમવાર ઓનલાઈન આપવાનો નિર્ણય લીધો છે. જયારે શિક્ષણ બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓની હોલ ટીકીટ બોર્ડની વેબસાઈટ પર મુકી દેવામાં આવી છે. શાળાના ઈન્ડેકસ નંબર તેમજ શાળામાં નોંધાયેલો મોબાઈલ નંબર તેમજ ઈમેલ આઈ ડી દ્વારા લોગીન કરી આ હોલ ટીકીટ ડાઉનલોડ કરી શકાશે. શાળા કક્ષાએથી આ હોલ ટીકીટ પ્રિન્ટ કરી વિદ્યાર્થીઓનો ફોટો લગાવીને પરીક્ષાર્થીની સહી વર્ગ શિક્ષકની સહી તેમજ આચાર્યના સહી સિક્કા કરાવીને વિદ્યાર્થીઓને આપવાની રહેશે. ધો -૧૦ તેમજ ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહ સાથે સામાન્ય પ્રવાહના પરીક્ષાર્થીઓને આ પ્રમાણે હોલટીકીટ આપવા માટે આયોજન કરાયુ છે.

# સે-૩૦માં નવી સરકારી વસાહત તૈયાર પણ લોકાર્પણના અભાવે વસવાટ શરૂ થતો નથી

**અગાઉ ગેસ પાઇપની કામગીરીના લીધે વિલંબ થયો હતો : છેલ્લા ચાર મહીનાથી આવાસો બિનઉપયોગી છે : કર્મચારીઓમાં આક્રોશ**




ગાંધીનગર તા ૧૯

સે-૩૦ માં નવા સરકારી આવાસો તૈયાર છે. છેલ્લા ચાર મહીનાથી સરકારી મકાનો તૈયાર હોવાછતા હજુ સુધી આ મકાનો કર્મચારીઓન રહણાંક માટે ફાળવ્યા નથી. આવાસ યોજનાના લોકાર્પણ માટે કાગડોળે કર્મચારીઓ રાહ જોઈ રહ્યા છે. એકબાજુ સરકારી ચોપડે આવાસ ઈચ્છુક કર્મચારીઓની પ્રતિક્ષાયાદી મોટી થતી જાય છે ત્યારે તૈયાર આવાસો હજુ બિનઉપયોગી હોવાથી કર્મચારીઓમાં પણ રોષ પ્રવર્તયો છે.

શહેરના સે-૩૦ માં નવા સરકારી મકાનોનુ નિર્માણ કરાયુ છે. જયારે આ આવાસો છેલ્લા ચાર મહીનાથી તૈયાર છે. આમછતા હજુ સુધી આ આવાસોનુ લોકાર્પણ કરવામાં આવતુ નથી. બી કક્ષાના ૩૬૦ જેટલા મકાનો તૈયાર કરવામાં નિયત કરતા વધુ સમય લાગતા

● અનુસંધાન પાન-૭ પર

# પ્રવાસી શિક્ષકોની મુદત માર્ચના અંતે પુર્ણ થતાં શાળાઓ અસમંજસની સ્થિતિ

**નવી પોલીસી મુજબ નવુ શૈક્ષણિક સત્ર એપ્રિલથી શરૂ થવાનુ છે ત્યારે પ્રવાસી શિક્ષકોની મદદથી કાર્યરત મોટાભાગની શાળાઓને મુંઝવણ : પ્રવાસી શિક્ષકોની મુદત વધારવામાં આવે તેવી પણ સંભાવના**

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગર જિલ્લાની મોટાભાગની શાળાઓમાં પ્રવાસી શિક્ષકોની સંખ્યા વિશેષ છે. જયારે પ્રવાસી શિક્ષકોના આધારે જ શૈક્ષણિક કાર્ય ચાલતુ હોય તેવી ઘણી શાળાઓ છે. બીજીતરફ શિક્ષણ વિભાગની નવી પોલીસી મુજબ એપ્રિલ મહીનાથી નવુ શૈક્ષણિક સત્ર શરૂ કરવામાં આવશે. જયારે પ્રવાસી શિક્ષકો માટે આગામી તા ૩૧ માર્ચ સુધીનો જ ઠરાવ કરાયો છે. આ મામલે આગળની શૈક્ષણિક કાર્યવાહી સહીતની શૈક્ષણિક બાબતોનુ આયોજન કરવા મામલે શાળાઓ મુંઝવણમાં મુકાઈ છે. ત્યારે બીજીતરફ પ્રવાસી શિક્ષકોની મર્યાદા વધારવામાં આવે તે મામલે પણ વિચારણા હાથ ધરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લાની શાળાઓમાં પ્રવાસી શિક્ષકોની સંખ્યા અંદાજિત ૨૨૦ જેટલી છે. જયારે પ્રવાસી શિક્ષકોના આધારે ઘણીખરી શાળાઓનુ શૈક્ષણિક કાર્ય ચાલે છે. કાયમી શિક્ષકોની ભરતીના અભાવે સરકાર શાળાઓમાં વિદ્યાર્થીઓનુ શિક્ષણ ન બગડે તે માટે પ્રવાસી શિક્ષકોને નિમણુંક આપે છે. પરંતુ આ શિક્ષકોની મુદત પણ ૩૧ માર્ચના રોજ પુર્ણ થાય છે. શિક્ષણ વિભાગના નિર્ણય મુજબ હવે આગામી બાર્ડ પરીક્ષા પુર્ણ થયા બાદ નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ કરી દેવાશે. જયારે સી બી એસ સી બોર્ડની જેમ પ્રથમ નવા સત્રનો પ્રારંભ કરવામાં આવ્યા બાદ વેકેશન આપવામાં આવશે. જેના લીધે શાળા કક્ષાએ પણ આ નવી પોલીસીને અનુલક્ષી પુર્વ તૈયારીઓ કરવામાં આવી રહી છે. સ્ટેટ બોર્ડ આધારિત શાળાઓમાં વર્ષોથી ચાલતી આ પ્રકીયામાં બદલવા આવતા શાળાના આચાર્યો સહીત સ્ટાફ પુર્વ આયોજનમાં લાગી ગયો છે.ત્યારે નવા શૈક્ષણિક સત્રના પ્રારંભે પ્રવાસી શિક્ષકોના મામલે મોટો પ્રશ્નાર્થ સર્જાયો છે. જયારે આ વર્ષે સી બી એસ સી પેટર્ન મુજબ નવુ શૈક્ષણિક સત્ર શરૂ થવાનુ હોવાથી પ્રવાસી શિક્ષકોની મુદત વધારવી પડે તેવી સ્થિતિ છે. નવી પોલીસી મુજબ આગામી તા ૨૦ એપ્રિલથી નવુ શૈક્ષણિક સત્ર

● અનુસંધાન પાન-૭ પર

# દેશભરમાં IEMમાં ૫૧ ટકા રોકાણ સાથે ગુજરાત મોખરે

ગાંધીનગર, તા.૧૯

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના દીર્ઘદ્રષ્ટિપૂર્ણ નેતૃત્વમાં ગુજરાતે ઔદ્યોગિક રોકાણો માટેના ઈરાદા પત્રો ઈન્ડસ્ટ્રીયલ એન્ટરપ્રેન્યોર્સ મેમોરેન્ડમ IEM અન્વયે સમગ્ર દેશમાં સૌથી વધુ ૫૧ ટકાૌંઈર્સ મેળવીને ઔદ્યોગિક ક્ષેત્રે નવી ગૌરવસિદ્ધિ હાંસલ કરી છે.

ભારતમાં ફાઈલ થયેલાૌંઈર્સ દ્વારા રૂ. ૬ લાખ ૭૮ હજાર ૮૫૨ કરોડના મૂડીરોકાણોમાંથી એકલા ગુજરાતમાં જ રૂ. ૩ લાખ ૪૩ હજાર ૮૩૪ કરોડના મૂડીરોકાણો ઊદ્યોગો સ્થાપવા માટે થયા છે. એટલે કે દેશના કુલ IEMના અડધા ઉપરાંત ગુજરાતમાં થયા છે. દેશમાં બીજા ક્રમે આ ક્ષેત્રે મહારાષ્ટ્ર રાજ્ય રહ્યું છે. તેમણે ૧ લાખ ૧૫ હજાર ૨૭૭ કરોડના IEM મેળવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર માટે
આપનું LED TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી
ફક્ત ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. : ૯૭૧૪૧૯૮૩૬૬

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com